Sahitya Manthan
A Peer-Reviewed, Open Access e-journal
ISSN: 2582 6867, Website: http://www.sahityamanthan.in
Year-3, Issue-3, Continuous Issue-19, May - June 2023

# કચ્છનું અતીત : ધોળાવીરા

## પ્રસ્તાવના

ભારત દેશની પશ્ચિમ સરહદે આવેલ વિસ્તારની દ્રષ્ટિએ સૌથી વિશાળ જિલ્લો કચ્છ અનેક વિવિધતાઓ ધરાવતો હોવાથી વિશ્વ કક્ષાએ પોતાની ઓળખ પ્રસ્થાપિત કરી રહ્યો છે. મરૂ (રણ વિસ્તાર), મેરૂ (પર્વતો) અને મહેરામણ (દરિયો)નો ત્રિવેણી સંગમ કચ્છનું મહત્વ વધારે છે. ભારતમાં સૌથી વધુ વિકાસશીલ જિલ્લાઓ પૈકીનો એક કચ્છ જિલ્લો પુરાતત્વની દ્રષ્ટિએ પણ ખૂબ મહત્વ ધરાવે છે. પાષાણયુગના અનેક અવશેષોની સાથે સાથે હડપ્પાકાલીન અનેક સ્થળો કચ્છમાંથી મળી આવ્યા છે. જેમાં ધોળાવીરા, શિકારપુર, કાનમેર, દેશલપર, કુરન વગેરે જેવા અનેક પુરાતત્વીય સ્થળો અહી આવેલા છે. જેમાં સૌથી મોટું અને મહત્વનું સ્થળ એટલે ધોળાવીરા. ધોળાવીરાનું મહત્વ પિછાણીને યુનેસ્કોએ વિશ્વ ધરોહરમાં તેને સ્થાન આપ્યું છે. જે કચ્છ માટે ગૌરવ સમાન બાબત ગણી શકાય.

## કચ્છનું અતીત : ધોળાવીરા

કચ્છ જિલ્લાના પાટનગર ભુજ થી ૨૫૦ કિ.મી. ના અંતરે ભચાઉ તાલુકાના ખડીર બેટ વિસ્તારમાં ઉત્તર-પશ્ચિમ દિશામાં આવેલું આ એક નાનકડું ગામડું છે. ધોળાવીરા ગામથી ઉત્તર-પશ્ચિમમાં એક કિલોમીટર દૂર પ્રાચીન ટીંબો આવે છે. ટીંબો બે ભાગમાં વહેંચાયેલો જોવા મળે છે. સ્થાનિક લોકો આને ‘કોટડા’ અને ‘બજાર’ તરીકે ઓળખે છે. પરંતુ તે સંયુક્ત ટીંબો હવે કોટડા કે બજારને બદલે ફક્ત ધોળાવીરા તરીકે જ ઓળખાય છે. હડપ્પા સંસ્કૃતિનાં પાંચ મોટાં નગરોમાં ધોળાવીરાની ગણતરી થાય છે.

આ પાંચ નગરોમાંથી ગનેરીવાલ, હડપ્પા અને મોહેં-જો-દડો નામના ત્રણ નગરો પાકિસ્તાનમાં આવેલાં છે, જ્યારે અન્ય બે નગરો રાખીગઢી (હરિયાણા) અને ધોળાવીરા (કચ્છ) ભારતમાં આવેલા છે. ધોળાવીરાના આ નગરની સૌપ્રથમ શોધ પુરાતત્વ સર્વેક્ષણના અધિકારી શ્રી જગતપતિ જોશીએ ઈ.સ.૧૯૬૭-૬૮માં કરી હતી. ત્યારબાદ ગુજરાત રાજ્યના પુરાતત્વ ખાતાએ ઈ.સ.૧૯૭૦માં તેનું વિશેષ સર્વેક્ષણ કરી પ્રાથમિક અહેવાલ તૈયાર કર્યો. ભારતીય પુરાતત્વ સર્વેક્ષણનાં અધિકારી ડૉ.રવિન્દ્રસિંહ બિસ્તેસર્વેક્ષણનાં પરિણામોથી પ્રભાવિત થઈને આ વસાહતનું મોટા પાયે ઉત્ખનન કાર્ય શરૂ કર્યું. ઈ.સ.૧૯૯૦ થી ઈ.સ.૧૯૯૭ સુધી આ ટીંબા પર સતત ઉત્ખનન ચાલુ રહ્યું અને તેના પરિણામે જે માહિતી પ્રાપ્ત થઈ તે સમગ્ર વિશ્વની પ્રાચીનત્તમ સંસ્કૃતિમાં માન મેળવે તેવી અને કચ્છનાં પુરાતત્વિય વારસાને વિશ્વમાં ગૌરવ અપાવે તેવી હડપ્પાકાલીન સંસ્કૃતિ હતી.

ધોળાવીરાની ભૌગોલિક સ્થિતિ વિશિષ્ટ જોવા મળી છે. ઉત્તરમાં સિંધ અને દક્ષિણમાં સૌરાષ્ટ્ર સુધી તેના વ્યવહારો હતા.ધોળાવીરાની નગરરચના પણ પ્રાકૃતિક પરિસ્થિતિને ધ્યાનમાં લઈને જ કરવામાં આવી હતી. નગરની ઉત્તરમાં માનસર અને દક્ષિણમાં મનહર નામનાં બે કુદરતી ઝરણાં વહે છે.

ધોળાવીરાનું નગર કિલ્લેબંધ હતું. નગર ફરતે બાંધવામાં આવેલ કિલ્લાની લંબાઈ ૭૭૧ મીટર અને પહોળાઈ ૬૫૬.૮૦ મીટરની હતી. નગરનો પૂર્વથી પશ્ચિમ તરફનો ઢાળ ૧૩ મીટર જેટલો હતો.

આ નગરમાં ત્રણ કિલ્લા હતા. સમગ્ર નગરને આવરી લેતો એક કિલ્લો, બીજો તેની અંદર આવેલ મધ્ય નગર ફરતે કિલ્લો અને ત્રીજો રાજમહેલને સુરક્ષા પ્રદાન કરતો કિલ્લો. આ ત્રણેય કિલ્લામાં રહેતાં લોકોને પાણી મળી રહે અને સાથે પાણીનો નિકાલ પણ થાય તેવી સુંદર વ્યવસ્થા વિચારવામાં આવેલી. તેનાં માટે કુદરતી ઢોળાવનો પોતાને અનુકૂળ આયોજન કરીને ઉપયોગમાં લેવાયેલ હતો.

નગરના મુખ્ય કિલ્લાની અંદરની જગ્યાનું વ્યવસ્થિત આયોજન કરવામાં આવ્યું છે. કિલ્લાના મુખ્ય બે દરવાજા પૂર્વ અને ઉત્તરમાં રાખવામાં આવેલા છે. કિલ્લાની અંદર ત્રણ વિભાગ છે, જે તત્કાલિન સમયની સામાજિક અને સંભવતઃ રાજકીય પરિસ્થિતિ મુજબ હશે. આ ત્રણ વિભાગ એટલે દુર્ગયુક્ત રાજમહેલ, મધ્યનગર અને નિમ્નનગર.

**રાજમહેલ :**

કિલ્લાની દક્ષિણ-પશ્ચિમ દિશામાં સમગ્ર નગર પર નજર રહી શકે તેવો દુર્ગયુક્ત મહેલ આવેલો છે. જે શાસકોનું રહેઠાણ હોવાનો સંભવ છે. આ મહેલ સૌથી ઉંચી જગ્યા પર અને અભેદ્ય કહી શકાય એટલી જાડી દીવાલથી સુરક્ષિત છે. મહેલનો વિસ્તાર પૂર્વ-પશ્ચિમ ૩૦૦ મીટર અને ઉત્તર-દક્ષિણ ૧૪૦ થી ૧૬૦ મીટરનો છે. દીવાલોની આંતર-બાહય રચના યુરોપીય કિલ્લા(Citadel)ની યાદ અપાવે છે. મહેલના આ ટીંબાની ઉંચાઈ ૧૮ મીટર જેટલી છે.

**મધ્યનગર :**

રાજમહેલની ઉત્તર દિશામાં મહેલથી થોડે અંતરે મધ્યનગર આવેલું છે. મધ્યનગરનો વિસ્તાર પૂર્વ-પશ્ચિમ ૩૬૦ મીટર અને ઉત્તર-દક્ષિણ વિસ્તાર ૨૫૦ મીટરનો છે. આ નગર પણ કિલ્લાથી સુરક્ષિત છે. મહેલ તથા મધ્યનગર વચ્ચે થોડી ખુલ્લી જગ્યા છોડવામાં આવી છે. મધ્યનગરના ટીંબાની ઉંચાઈ ૧૩.૫ મીટર છે. તેની વચ્ચેના ભાગમાં ૩૦૦ મીટર જેટલી સમચોરસ જગ્યા છે.

**નિમ્નનગર :**

નિમ્નનગરમાં આવેલા મકાનો નાનાં અને સાદા પથ્થરોથી બાંધેલાં છે. આ વિસ્તાર શ્રમિક લોકોનાં રહેઠાણ માટેનો જણાય છે. આ નગરને ફરતે અલગથી કોઈ કિલ્લાની વ્યવસ્થા જોવા મળતી નથી. સમગ્ર નગરની ફરતે જે કિલ્લો છે તે જ તેમના રક્ષણ માટેની વ્યવસ્થા છે.

ધોળાવીરાની આ વસાહત તે સમયના વિકસિત નગરના તમામ ગુણો ધરાવે છે: એકબીજાને કાટખૂણે કાપતા અને પહોળા રસ્તાઓ, વિશાળ મકાનો, જળસંગ્રહ તથા ગંદા પાણીના નિકાલ માટેની અદ્દભૂત વ્યવસ્થા, સામાજિક માળખા મુજબ સંરક્ષણની યોજના વગેરે લક્ષણો આધુનિક નગરઆયોજનથી જરાય ઉતરતી જણાતી નથી.

ધોળાવીરાની વસાહતના લોકોના સમયની રાજકીય પદ્ધતિ, ધર્મ, સામાજિક રીતરીવાજો, દૈનિક જીવનપ્રણાલી વગેરે બાબતોનું હજુ વધુ અધ્યયન થવું બાકી છે, પરંતુ મળેલા અવશેષો પરથી એટલું

સમજી શકાય કે આ સમયનો સમાજ શ્રમિક, વ્યાપારિક અને શાસકીય એમ ત્રણ વર્ગોમાં વહેંચાયેલો હશે. વર્તમાન ધર્મ કે સંપ્રદાય સૂચવતાં કોઈ ધાર્મિક મકાનો કે અવશેષો પ્રાપ્ત થયાં નથી. હડપ્પાની અન્ય વસાહતોની જેમ જ અહીંના લોકો પણ પ્રકૃતિનાં તત્ત્વો જેવાં કે સૂર્ય, વરુણ, ઈન્દ્ર કે અગ્નિની પૂજા કરતા હોય તેવું જણાયું છે. મૃત્યુ પછી માનવશરીરના દફન કે અગ્નિસંસ્કાર અંગે કોઈ નિશ્ચિત પુરાવા મળ્યા નથી, પરંતુ કબર જેવા પથ્થર ગોઠવેલ કેટલાક આકારો નગરની હદ તથા નગરની બહારથી મળ્યા છે, જોકે તેમનો આકાર એક સરખો નથી. શંકાસ્પદ જણાતી આ કબરો ગોળ, લંબગોળ, ચોરસ કે લંબચોરસ છે. આ કબરોની દિશા પણ એકસરખી જણાતી નથી. સૌથી વધુ આશ્ચર્યની વાત એ છે કે એક પણ કબરમાંથી હાડકાં કે એવા કોઈ જ અવશેષો મળ્યા નથી, ફક્ત કબરમાં રાખી શકાય તેવાં માટીનાં પાત્રો જ મળ્યાં છે. જેથી આ માનવને દફનાવવાની કબરો હશે કે વસ્તુઓ રાખવા માટેની કોઈ વ્યવસ્થા હશે તે શંકાસ્પદ છે.

આ વસાહતના લોકોનો મુખ્ય વ્યવસાય વેપાર-ઉદ્યોગ હતો તેવું અહીંથી મળેલ અવશેષોને આધારે કહી શકાય. આ ઉપરાંત ખેતી અને પશુપાલનને પણ એટલું જ મહત્વ આપવામાં આવતું હતું. અહીંના લોકોનો વેપાર ઉત્તરમાં અફઘાનિસ્તાન કે તેથી પણ આગળ અને દક્ષિણમાં સૌરાષ્ટ્ર તથા છેક મહારાષ્ટ્રસુધી થતો હતો. અહીંનાં લોકો હસ્તકળામાં પણ કુશળ હતા તેમ અહીંથી મળેલ પુરાવશેષો પરથી જાણી શકાય છે. તાંબું, કાંસું, સોનું, શંખ અને અકીકના પથ્થરમાંથી બનાવેલ અનેક ચીજવસ્તુઓ અહીંથી મળી આવી છે જે આની સાક્ષી પૂરે છે. આ વસ્તુઓની મોટાપાયે દરિયાપર અન્ય દેશોમાં નિકાસ પણ થતી હતી. અહીંથી ધાતુને ગાળવા માટેની એક ભઠ્ઠી પણ મળી આવી છે. ધાતુમાંથી ઘરેણાં ઉપરાંત ભાલા કે બાણ જેવા હથિયારો પણ બનાવવામાં આવતા હતા. આ ઉપરાંત શંખમાંથી બનાવેલા આભૂષણો, માટીના લાલ-ગુલાબી રંગના વાસણો, વીંટીઓ, પકવેલી માટીના દાંતિયા, મોતીની માળા મણકાઓ વગેરેની વિપુલ ઉપલબ્ધિથી સ્પષ્ટ થાય છે કે અહીંની પ્રજા શૃંગારની શોખીન તથા ઉત્સવપ્રિય હશે.

અહીંથી મળેલ પુરાવશેષોમાં અતિ અગત્યનો પુરાવશેષ સાઈનબોર્ડ છે દરબારગઢના કિલ્લાના મુખ્ય દરવાજા પાસેથી મળી આવ્યું છે. જે સંભવતઃ આ નગરનું નામ હોઈ શકે. હડપ્પીય લિપિ ધરાવતા ૧૦ અક્ષરોના આ સાઈનબોર્ડનાં અક્ષરોનું માપ ૩૭ સે.મી. લંબાઈ અને ૨૫ થી ૨૭ સે.મી. પહોળાઈનું છે. આ લિપિને ઉકેલવા માટે ઘણા તજ્જ્ઞોએ ખૂબ પ્રયત્નો કર્યા છે પરંતુ સર્વમાન્ય ઉકેલ હજુ સુધી આવી શક્યો નથી.

આ વસાહતના ક્ષેત્રીય ફેલાવા અને ઉત્ખનિત વિસ્તારના અભ્યાસ પરથી ડૉ.બિસ્ત માને છે કે આ નગરની અંદાજિત વસ્તી ૨૦,૦૦૦ હોવાનો સંભવ છે. લગભગ ૧૦૦ હેક્ટરમાં ફેલાયેલા ધોળાવીરાના આ ટીંબા પર કરવામાં આવેલ ઉત્ખનન પરથી જાણી શકાય છે કે ઉત્તમ નગર-રચના, વિશાળ બાંધકામ, કલાત્મક સ્થાપત્ય તથા આશ્ચર્ય ઉપજાવે તેવી જળસંગ્રહ અને નિકાલની વ્યવસ્થા ધરાવતું આ નગર હડપ્પીય સંસ્કૃતિ સમયનું ધમધમતું નગર હશે.

આ ટીંબા પર ઉત્ખનનથી પ્રાપ્ત થયેલા પુરાવશેષો અને સ્થાપત્યકીય અવશેષોના અભ્યાસ પરથી આ ભવ્ય નગરના આરંભ, ઉચ્ચતમ સ્થિતિ અને અવનતિનો ખ્યાલ મેળવવા આ સમગ્ર સમયને સાત તબક્કામાં વહેંચી શકાય.

તબક્કો - ૧ :

પ્રાથમિક સ્થિતિમાં આ ખુલ્લી જમીન પર વસવાટ કરવા આવનાર લોકો પાસે પ્રસ્તર કે ધાતુનાં ઓજારો, જીવનજરૂરી તાંબાની વસ્તુઓ, માટી તેમજ પથ્થરના મણકા બનાવવા માટે માટીનાં વાસણો બનાવવાનું ઉત્તમ તાંત્રિક જ્ઞાન હતું. નગર વસવાટ માટેનું ઉત્તમ આયોજન પણ તેમની પાસે હતું અને વિવિધ સ્થાપત્ય માટેનાં નિશ્ચિત સાધનો પણ હતા. સંરક્ષણ માટે પથ્થરના ઉપયોગથી બાંધેલ અભેદ્ય કિલ્લો તેની સાક્ષી પૂરે છે. સાથે સાથે મકાનોના બાંધકામ માટે ૪:૨:૧ના માપની ઈંટોનો પણ ઉપયોગ કર્યો હતો.

તબક્કો ૨ :

પ્રારંભિક તબક્કા પછીનો આ તબક્કો વિકાસનો હતો. આ સમયમાં વિશેષ સુરક્ષા માટે કિલ્લાની દીવાલને વધુ પહોળી બનાવવામાં આવી હતી. અન્ય રોજિંદી જરૂરિયાતની વસ્તુઓ પરંપરાગત ચાલુ હતી, પણ સ્થિરતાને કારણે માટીનાં વાસણોના આકાર અને સુશોભનમાં વધારો થયેલો જોવા મળે છે. તબક્કા - ૧ અને ૨ ની સંસ્કૃતિ આમરી-૨ બી, નૌશારો ૧-ડી અને કોટડીજીની મળતી આવે છે. આ તબક્કામાં આ સંસ્કૃતિમાં ઝડપી સુધારો થયેલો જોવા મળે છે.

તબક્કો - ૩ :

નગરના વિકાસની પ્રક્રિયા શરૂ થતાં આ વસાહત નગરના સ્વરૂપે બહાર આવે છે. વિકાસના આ તબક્કામાં કિલ્લાના બે વિભાગ અને જળસંગ્રહની વ્યવસ્થાનું નિર્માણ કરવામાં આવ્યું. જે પ્રથમની કિલ્લેબંધ વસાહત હતી તેના દુર્ગયુક્ત મહેલ બનાવી એમાં વિશેષ કિલ્લાની દીવાલ મેળવી પશ્ચિમ તરફ પેટાવિભાગની રચના કરવામાં આવી હતી. આ સંયુક્ત સ્થાપત્ય એ જ દુર્ગયુક્ત મહેલ. બીજા તબક્કાની ખુલ્લી જગ્યાને સમતલ કરી તેના વિસ્તારનો વધારો કરવામાં આવ્યો. સમતલ ભૂમિ પર વ્યવસ્થિત ફ્લોરિંગ કરવામાં આવ્યું. ઉત્સવની ઉજવણી માટે ખુલ્લી જગ્યાનું આયોજન પણ કરવામાં આવ્યું. આથી જાણી શકાય છે કે તે લોકો ઉત્સવપ્રિય હતા અને તેના પરથી અનુમાન કરી શકાય કે તેમનું જીવન સ્થિર અને શાંતિપૂર્ણ હતું. આ ખુલ્લા મેદાનની ઉત્તરે કેટલાંક મકાનો બનાવવામાં આવ્યાં અને તેની સુરક્ષા માટે કિલ્લેબંધી પણ કરવામાં આવી હતી. કિલ્લામાં જરૂરિયાત પ્રમાણે દ્વાર પણ મૂકવામાં આવ્યાં. આમ આ તબક્કો વિકાસ માટે ઉત્તમ તબક્કો હતો. જરૂરિયાત મુજબની બાબતોની પૂર્તિ કરવાનો પ્રયાસ આ તબક્કામાં જોઈ શકાય છે.

ત્રીજા તબક્કાનો ઉત્તરાર્ધ વસાહત માટે આપત્તિરૂપ હતો. અસ્તવ્યસ્ત વસ્તુઓ, પડી ગયેલાં મકાનોના પથ્થરો વગેરે પરથી અનુમાન થઈ શકે છે કે આ સમયમાં ભૂકંપ આવ્યો હશે. આ વિનાશકારી ભૂકંપ પછી મકાનોની રચનામાં ફેરફાર થતો તથા મોટા પ્રમાણમાં મરંમત કરવામાં આવતી હતી. જે

મકાનોની મરંમત કરવી સંભવ નહોતી તેવાં મકાનોને સંપૂર્ણપણે દૂર કરી તેની જગ્યાએ નવા જ પ્રકારે આયોજન કરી મૂળ વસવાટની પૂર્વ દિશામાં આવાસ માટે નવાં મકાનોનું નિર્માણ કરવામાં આવ્યું તેમજ કિલ્લાની દીવાલને પણ પૂર્વ તરફ લંબાવવામાં આવી. સમય મળતાં કિલ્લાના ભવ્ય દરવાજાને વધુ મજબૂત તેમજ ઉંચા બનાવવામાં આવ્યા. વિનાશ પછી વિકાસની પ્રક્રિયા ઝડપી બને છે તેમ અહીં પણ નગરનો વિકાસ ઝડપથી થવા લાગ્યો. આ તબક્કામાં નગર વિકાસના ઉચ્ચત્તમ શિખરે હતું. નગરને ફરતી મજબૂત કિલ્લેબંધી, તમામ લોકોના ઉપયોગ માટેનાં જળાશયો અને ઉત્સવોની ઉજવણી માટેનું ખુલ્લું મેદાન આ બાબતની સાક્ષી પૂરે છે. આ વિશાળ નગરને સમજવા માટે જે ત્રણ વિભાગ પાડવામાં આવ્યા છે તેનું સ્વરૂપ આ તબક્કામાં સ્પષ્ટ થાય છે. આ ત્રણ વિભાગ તેની વિશિષ્ટ સ્થિતિને લક્ષમાં લઈને પાડવામાં આવ્યા છે.

દુર્ગયુક્ત રાજમહેલ, મધ્યનગર અને નિમ્નનગરને આ તબક્કામાં ઓળખી શકાય છે. આ તબક્કો તેના વિકાસ અને સ્થાપત્યકીય પ્રસારને કારણે જ નહીં પણ તેના સાંસ્કૃતિક અવશેષોને કારણે પણ વિશિષ્ટ રહ્યો છે. આ સમયની મુદ્રા તથા મુદ્રાંકો, તોલમાપનાં સાધનો, ખાસ આકાર અને પ્રકારનાં મૃત્તિકાપાત્રો તથા લિપિ વગેરે ઉચ્ચ કોટીનાં જણાય છે.

ધોળાવીરા નગરના આ ત્રણ વિભાગને ડૉ.બિસ્ત 'ઋગ્વેદ'માં આવતા 'પરમ', 'મધ્યમ' અને 'અવમ્' સાથે અને અથર્વવેદમાં આવતા 'પરમેષ્ઠીન', 'મધ્યમેષ્ઠીન' અને 'અવમેષ્ઠીન' સાથે સરખાવે છે. નગરવિકાસનો આ ત્રીજો તબક્કો લગભગ ૩૦૦ વર્ષનો હશે.

તબક્કો - ૪ :

આ તબક્કામાં વિકાસની સ્થિરતા જણાય છે. તબક્કા ત્રણમાં જે સિદ્ધિ આ નગરે હાંસલ કરી હતી તેનો લાભ આ તબક્કાના લોકોને મળી રહ્યો હતો. કિલ્લો, કિલ્લાના દરવાજા, જળાશયો વગેરે આ તબક્કામાં યથાવત્ જળવાઈ રહયાં હતાં. હડપ્પીય લિપિના દશ અક્ષરોવાળું બહુચર્ચિત સાઈનબોર્ડ આ તબક્કાની ઉપલબ્ધિ છે. હડપ્પીય સંસ્કૃતિના ઉત્તમ નમૂનારૂપ મૃત્તિકાપાત્રો, મુદ્રાઓ, મુદ્રાંકનો, પ્રસ્તર ઓજારો, શૃંગારનાં સાધનો, શંખ અને માટીના સુંદર નમૂના આ તબક્કાની દેન છે. ચૂનાના પથ્થરમાંથી જુદા જુદા ઉપયોગ માટે બનાવેલા સ્તંભ પણ આ તબક્કામાં મળી આવ્યા છે. સંક્ષેપમાં પરિપક્વ હડપ્પીય લક્ષણો જે અન્ય હડપ્પીય ટીંબાના ઉત્ખનનમાંથી પ્રાપ્ત થયાં છે તે આ તબક્કામાં જોવા મળ્યાં છે. આ તબક્કો સંસ્કૃતિના સંચયનો તબક્કો હોય તેમ જણાય છે.

તબક્કો - ૫ :

આ તબક્કો અવનતિના પ્રારંભિક સમયનો હશે તેમ નગર તથા દુર્ગયુક્ત મહેલની રચનામાં રાખવામાં આવેલ ઢીલને કારણે જણાય છે. અગાઉની ઉચ્ચ સ્થિતિ આ સમયમાં જળવાઈ નથી, પરંતુ પરંપરાગત મળેલા વારસાને યથાવત્ સ્થિતિમાં જાળવી રાખવા પ્રયત્ન કરવામાં આવ્યો છે.

તબક્કો - ૬ :

આ તબક્કામાં ગુજરાતમાં આવેલ અન્ય હડપ્પીય સંસ્કૃતિનાં સ્થળો કરતાં ભિન્ન સ્થિતિ જોવા મળે છે. પરંપરાગત મૃદ્‌ભાંડો, મુદ્રા અને મુદ્રાંકનો, તોલમાપનાં સાધનો વગેરેમાં ખૂબ જ અલગ પદ્ધતિ આ તબક્કાની નોંધપાત્ર બીના છે. આ તબક્કામાં મળેલાં માટીનાં વાસણો તબક્કા - ૨ માંથી મળેલાં વાસણો સાથે સામ્યતા ધરાવે છે, પરંતુ નગર આયોજનમાં કેટલાક ફેરફારો થયા છે. નગરના વિસ્તારમાં ઘટાડો થયો છે. અભ્યાસ પરથી જણાય છે કે એકાદ સૈકાના વસવાટ પછી આ ઉત્તર હડપ્પાકાલીન વસાહત નામશેષ થઈ ગઈ હતી.

તબક્કો - ૭ :

ઉત્તર હડપ્પાકાલીન વસાહતના લોકો આ સ્થળ છોડી ગયા પછી આ સ્થળે લોકો ક્યારે આવ્યા અને વસાહત શરૂ કરી એ નિશ્ચિતપણે કહેવું મુશ્કેલ છે. પરંતુ અહીં જે લોકો આવ્યા તેમની રહેણીકરણી તદન ભિન્ન હતી. જોકે તેમનાં માટીનાં વાસણો હતાં પણ મકાનોના આયોજનમાં તફાવત હતો. આ લોકો ચોરસ કે લંબચોરસને બદલે વૃત્તાકાર બનાવી, બે થી અઢી ફૂટની દીવાલ બનાવી, તેના પર કાષ્ઠના સ્તંભ ઉભા કરી, તેના પર શંકુ આકારની છત બનાવતા હશે. આ સંસ્કૃતિનું પણ આયુષ્ય લાંબું ન હતું. આ વસાહત ઉજ્જડ થયા પછી આ સંસ્કૃતિ હંમેશને માટે કાળની ગર્તામાં વિલય પામી ગઈ.

સાંપ્રત સમયમાં રોલ-મોડેલ :

ધોળાવીરાની પાણીસંગ્રહની યોજના એટલી તો અસરકારક અને ઉચ્ચ કક્ષાની હતી કે તેનાથી પ્રભાવિત થઈને મુંબઈના 'મહારાજા છત્રપતિ શિવાજી સંગ્રહાલય' (પ્રિન્સ ઓફ વેલ્સ મ્યુઝિયમ)ના સત્તાવાળાઓએ પોતાના સંગ્રહાલય પરિસરમાં પાણીની પડતી અત્યંત તંગીને નિવારવા ધોળાવીરા મોડેલનો ઉપયોગ કરવાનો નિર્ણય કર્યો છે. આ વસાહતમાં મહેલની બાજુમાં રમતગમતનું વિશાળ મેદાન છે. એ મેદાનની એક તરફ મહેલમાં બેઠેલી વ્યકિતઓ અને બીજી તરફ નગરજનો બેસીને રમતગમત કે અન્ય કાર્યક્રમો જઈ શકે તેવી વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. મહેલથી થોડે દૂર ઉપલું નગર છે, જેમાં ધનિકો અને વેપારીઓ વસતા હશે. બે થી પાંચ ઓરડાવાળાં મોટાં મકાનો પથ્થરોનાં બનાવેલાં છે. ખૂબ જ વ્યવસ્થિત કાટખૂણે કાપતા રસ્તાઓ છે. વપરાયેલા પાણીના નિકાલ માટે અહીં સુંદર ગટરવ્યવસ્થા જોવા મળે છે. દરેક ઘરમાંથી નીકળતું પાણી ઘરની બહાર રહેલી ભોંખાળ જેવા માટલામાં અને ત્યાંથી ગટરમાં લઈ જવાતું.

ઘરેણાં બનાવવાની, મણકા બનાવવાની અને તેમાં કાણાં પાડવાની આર પણ અહીં જોવા મળી છે. આ ઉપલા નગરથી થોડે દૂર એક ગરીબ વસ્તી હોવાનું જણાય છે, જેને પુરાતત્વવિદો નીચલું નગર કહે છે. અહીં કાચાં-પાકાં નાનાં મકાનો દેખાય છે. શ્રમિક વર્ગ માટે પણ ગંદા પાણીના નિકાલની વ્યવસ્થા ઉપલા નગર જેવી જ છે. અહીંથી હડપ્પીય મુદ્રાઓ, વજનિયાંઓ (કાટલાં), હથિયારો, મણકા, સોનાનાં આભૂષણો મળ્યાં છે. એકાદ માતૃકા પણ મળી આવી છે. અહીંથી છીપની એક ગોળાકાર રિંગ મળી છે જેમાં ઉપરના ભાગમાં છ અને નીચેના ભાગમાં છ એમ ઉભા કાપા કરવામાં આવ્યા છે. વિદ્વાનો આને પંચાંગની બાર રાશિઓનાં પ્રતીક અથવા હોકાયંત્ર હોવાનું તારણ કાઢે છે.

સુમેરિયન ઈતિહાસમાં ધોળાવીરા :

સુમેરિયન ઈતિહાસમાં સિંધુકાંઠે મહાબંદર હોવાનો ઉલ્લેખ છે આ મહાબંદર ધોળાવીરા હોઈ શકે છે. છેલ્લે થયેલું સંશોધન અહીંની કબરો બાબતનું છે. સામાન્ય રીતે એ સમયે ઉત્તર-દક્ષિણે કબરો થતી હતી, પરંતુ અહીં તે ઉપરાંત પૂર્વ-પશ્ચિમ અને ઈશાન-નૈઋત્ય કબરો મળી છે, જે અહીંની મિશ્ર વસ્તીનું દ્યોતક છે.

અન્ય સ્થળોથી ધોળાવીરાની વિશિષ્ટતા

અગાઉ જણાવ્યા મુજબ સિંધુકાલીન સંસ્કૃતિની વસાહતો વચ્ચે એક પ્રકારનું સામ્ય જોવા મળ્યું છે. તેમ છતાં પણ ધોળાવીરા સમકાલીન વસાહતો કરતાં અમુક અંશે જુદું તરી આવે છે.

(૧) સ્થાપત્યની કલાત્મકતા અહીંનું આગવું લક્ષણ છે.

(૨) આ શહેર નદીકાંઠે આવલું નથી અને તેથી જ કદાચ ખેતી તેનો મુખ્ય વ્યવસાય નહીં હોય.

(૩) જમીનની અંદરથી પાણી લઈ આવવાનાં ગરનાળાં પણ અહીં જ જોવા મળે છે.

(૪) સંરક્ષણની આટલી મજબૂત વ્યવસ્થા મોહેં-જો-દડો કે હડપ્પામાં પણ જોવા મળતી નથી.

(૫) લોથલમાં મૃતદેહોને દાટવાની, એકથી વધુ મૃતદેહો ભેગા દફનાવવાની પ્રથા જોવા મળે છે, તો અહીં અગ્નિદાહ આપ્યા પછી વધેલા અવશેષોને દફનાવવાની પ્રથા હોવાનું માલૂમ પડયું છે.

(૬) તો વળી લોથલમાંથી મોટા પ્રમાણમાં સિંધુલિપિવાળી મુદ્રાઓ મળેલ છે, જ્યારે અહીંથી જૂજ મુદ્રાઓ મળેલ છે. સિંધુલિપિમાં લખેલ મોટું સાઈનબોર્ડ પણ ધોળાવીરા સિવાય ક્યાંય જોવા મળતું નથી.

ધોળાવીરા વસાહતનો વિનાશ :

ધોળાવીરાની આવી સમૃદ્ધ સાસ્કૃતિક વસાહતના વિનાશ અંગે સંશોધકોમાં મતમતાંતરો છે. આ સ્થળનાં મુખ્ય શોધકર્તા અને ઉત્ખનનકર્તા અધિકારીશ્રી રવિન્દ્રસિંહ બિસ્ત એમ અનુમાન કરે છે કે આ નગરનો વેપાર ધંધો તે સમયના પશ્ચિમના દેશો મેસોપોટેમિયા, ઈરાન, મધ્ય એશિયા તેમજ અખાતી પ્રદેશોમાં હતો. ત્યાં કોઈ પ્રચંડ રાજકીય ઉથલપાથલ થતાં અહીંના વેપારી સંબંધો કપાઈ ગયા હશે જેના કારણે વેપાર ધંધા પડી ભાંગ્યા હશે અને જેથી લોકોએ સ્થળાંતર કરવાની ફરજ પડી હશે. અન્ય એક અનુમાન એવું છે કે હવામાનના અચાનક ફેરફારથી અથવા ધરતીકંપ જેવી કુદરતી આપત્તિને કારણે નગરને ભારે નુકસાન થયું હોય. ઉપરાંત કોઈ રાજકીય કારણોસર નગરે તેની જાહોજલાલી ગુમાવી દીધી હોય અને તેથી સમૃદ્ધ વર્ગે અહીંથી સ્થળાંતર કર્યું હોય કારણ કે મળેલા અવશેષોમાં નગરને છેવાડેથી આજની ઝુપડપટ્ટી જેવા કેટલાક મકાનો મળી આવ્યાં છે. જે આ બાબત તરફ ઈશારો કરે છે. કચ્છનાં પુરાતત્વિય  વારસાને વૈશ્વિક ઓળખ અપાવતું અને ભાતીગળ સંસ્કૃતિના ભગ્નાવશેષો સાચવી બેઠેલા ધોળાવીરાનું હજી ઘણું ઉત્ખનન કાર્ય બાકી છે એ પૂરું થશે ત્યારે જ આપણા પૂર્વજોનાં પદચિહ્નો પામવાની પુરાતત્વવેતાઓની મથામણ સાર્થક થઈ શકશે.

## સંદર્ભસૂચિ


1. નયગાંધી, જે.જે. (1926). કચ્છનો બૃહદ ઈતિહાસ,  ભુજ-કચ્છ.
2. આચાર્ય, જી.વી. (1942). ગુજરાતના ઐતિહાસિક લેખો ભાગ-૧, ૨,૩, ફોર્બસ ગુજરાતી સભા, મુંબઈ.
3. બાંભડાઈ, જી.કે. (1959). કચ્છ બૃહદ ભૂગોળ, માંડવી-કચ્છ.

4. રાઠોડ, રામસિંહજી. (1959). કચ્છનું સંસ્કૃતિ દર્શન, નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ.
5. શાસ્ત્રી, એચ.જી. (1964). અભિલેખવિદ્યા, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.
6. મહેતા, ઉષાકાન્ત. (1976). કચ્છ, કલા, પ્રવાસ અને પ્રલેખન, ભુજ-કચ્છ.
7. જોષી, એન.એમ. (1977). ભાતીગર ભોમકા કચ્છ, નિરવ પ્રકાશન, અમદાવાદ.
8. અજાણી, ઉમિયાશંકર. (2011). સમયના દર્પણમાં કચ્છ દર્શન, અજાણી પ્રકાશન, ભુજ.
9. (પ્રાયોજક) કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ. (2012). કચ્છનો સર્વાંગી ઈતિહાસ ભાગ-*1*, ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ.

---

ડૉ. નંદલાલ નારાણ છાંગા
મદદનીશ પ્રાધ્યાપક, ઇતિહાસ
શ્રી આર. આર. લાલન કોલેજ, ભુજ